स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सत्यमेव जयते

ક્રમાંક/એમએજી/વશી/૩૪૩૫ થી ૩૪૫૨/૨૦૧૮
કલેક્ટર કચેરી
નર્મદા- રાજપીપલા, તા. ૦૯/૦૭/૨૦૧૮

**//વંચાણે લીધુ //**

૧. ગૃહ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ), તા.૦૬/૦૭/૨૦૧૮

**// હુકમ //**

આમુખ – ૧માં જણાવ્યા મુજબ ચાલુ વર્ષ – ૨૦૧૮ મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમીયોપેથીક અને નેચરોપથી પ્રવેશ માટે તે વિભાગનાં તા.૦૪/૦૫/૨૦૧૮નાં સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિદ્યાર્થી ગુજરાત રાજ્યનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતિ ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓનાં ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી માટે નીચે જણાવ્યા મુજબની સમિતિની રચના કરવા હુકમ કરવામાં આવે છે.

| અ.નં | અધિકારીનો હોદ્દો | હોદ્દો |
|---|---|---|
| ૧. | પ્રાંત અધિકારીશ્રી, રાજપીપળા | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા | સભ્ય |
| ૩. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, નર્મદા | સભ્ય |
| ૪. | ચિટનીશ ટુ કલેક્ટર, નર્મદા | સભ્ય |

**સમિતિએ કરવાની થતી કાર્યવાહી :-**

(૧) સંબંધિત ઉમેદવારોએ તેમના વિસ્તારનાં સંબંધિત પ્રાંત અધિકારી સમક્ષ સંબંધિત ઉમેદવારોએ ડોમીસાઈલ સર્ટીફીકેટ અને તેને અનુષાંગીક જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ – ૧૨ની માર્કશીટ, ધોરણ – ૧૦ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ, જાતી પ્રમાણપત્ર – ક્રીમીલેયર પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો), ફી ભર્યાની રસીદ વિગેરે પ્રમાણપત્રો/ દસ્તાવેજો ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન માટે રજુ કરવાના રહેશે.

(૨) ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન સમિતિએ મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમીયોપેથીક અને નેચરોપથી પ્રવેશ માટેનાં ઉમેદવારો દ્વારા રજુ થયેલ ડોમીસાઈલ સર્ટીફીકેટ સંબંધિત દસ્તાવેજો/ પ્રમાણપત્રો જોઈને ડોમીસાઈલ સર્ટીફીકેટ ઉપર VERIFIED OR REJECTED નાં સિક્કા લગાવી સહિ કરી તેની યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટિને રજુ કરવાની રહેશે. ઉપરાંત કોઈ વધુ પુરાવાની જરૂરીયાતનાં કેસમાં વેરીફીકેશન ટીમે તે અંગે ઉમેદવારને જણાવી તે પુરાવા મેળવીને યોગ્ય નિર્ણય લઈ શકશે.

(૩) એડમીશન પ્રક્રિયા સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ MCA એ નક્કી કરેલ સમય પત્રક મુજબ થતી હોવાથી તારીખ અને સમય પત્રકનું પાલન ફરજીયાત હોઈ ડોમીસાઈલ સર્ટીફીકેટ વેરીફીકેશન પ્રક્રિયા તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરીને VERIFIED FINAL યાદી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની એડમીશન કમિટિને રજુ કરવાની રહેશે.

જિલ્લા મેજિસ્ટ્રેટ * * નર્મદા (રાજપીપળા)

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા – રાજપીપળા

પ્રતિ.

૧. પ્રાંત અધિકારીશ્રી, રાજપીપળા

૨. અધિક જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકરીશ્રી, નર્મદા.

૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી, નર્મદા.

૪. ચિટનીશ ટુ કલેક્ટર, નર્મદા.

**નકલ સવિનય રવાના :-**

- ઉપસચિવ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાન :-**

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નર્મદા તરફ જાણ સારૂ.
- નાયબ માહિતી નિયામકશ્રી, નર્મદા – રાજપીપળા તરફ
  ૨/- જિલ્લામાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક વર્તમાન પત્રોમાં લોકોની જાણ માટે વિના મુલ્યે.